| રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પેપર ઉપર |
|---|

**નમૂનો-૧ જામીનખત**

(૧) આ લેખ ઉપરથી ............જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ સમિતિ ને જણાવું છું એ, હું.......................................................................................... રહેવાસી............ગામ ..........................તાલુકો.................જિલ્લો................અને ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના ઠરાવ નં.પીઆરઇ/૧૧૨૦૧૭/સીંગલ ફાઇલ- ૬/ક, તા.૨૨/૦૩/૨૦૧૭ માં દર્શાવેલ શરતોને આધીન રહીને તેમજ વખતો વખત થનાર સૂચના આધિન રહીને વિદ્યાસહાયક તરીકે નોકરીમાં દાખલ થયા પહેલાની અને પાછળની ............જિલ્લા પંચાયત હસ્તકની જિલ્લા શિક્ષણ સમિતિમાં વિદ્યાસહાયક તરીકેની જગ્યા પર નિમણૂંક માટે પસંદ કરાયેલા ઉમેદવાર (ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રી (હવે પછી અહી સરકાર તરીકે ઉલ્લેખ કરાયેલ છે) અને સંદર્ભથી અન્યથા જરૂરી બનાવ્યું ન હોય તે સિવાયના જે શબ્દ પ્રયોગોમાં તેમના ઉતરાધિકારીઓ અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થાય છે) તરીકે સરકારને રૂ.૩,૦૦,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ પુરાની રકમ ચુકવવા માટે નીચે જણાવેલ વિગતે આ લેખથી જવાબદાર બનું છું અને તેને માટે મારી અને મારા વારસો. મૃત્યુ પત્ર ચલાવનારાઓ, વહીવટકર્તાઓ અને કાયદેસરના પ્રતિનિધિઓને બાધું છું.

(૨) આ યોજના દ્વારા મને ખ્યાલ આપવામાં આવ્યા પ્રમાણે ........જિલ્લા પંચાયતની જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા સને ૨૦૧૭ની ભરતીમાં વિદ્યાસહાયક તરીકે પસંદ કરી ....જિલ્લાના ...........તાલુકાના...........ગામે વિદ્યાસહાયક તરીકે નિમણૂંક આપવામાં આવતાં નિમણૂંકના આદેશથી શરતો મુજબ હું તા......................ના રોજ ફરજ ઉપર હાજર થયેલ છું. શિક્ષણ વિભાગના તા.૨૨/૦૩/૨૦૧૭વાળા ઠરાવ મુજબ વિદ્યાસહાયકની ભરતી પ્રક્રિયામાં નિમણૂંક ત્રણ વર્ષની અંદર તેજ સેજાની જગ્યા માટે ઉમેદવારી કરવા માટેની જોગવાઇઓ નક્કી કરવામાં આવેલ છે જેનું હું પાલન કરીશ.

હવે ઉપર લેખિત જામીનગીરીની શરત એવી છે કે, આ યોજના (જે યોજના આ લેખના ભાગરૂપ ગણાશે) માં જણાવ્યા પ્રમાણે મારે પાલન કરવાના બોલ તથા બજાવવાની શરતોનું હું વિધિસર અને નિષ્ઠા પૂર્વક પાલન કરીશ તથા બજાવીશ તો ઉપરની જામીનગીરી રદ થયું ગણાશે. જામીનગીરીમાં આપેલ શરતો મુજબ હું મારી ફરજ બજાવું નહી તો આ જામીનગીરી પુરેપુરી અમલમાં અને અસરકારક રહેશે.

પરંતુ હક્ક અને ઉપચારોને બાદ લાવ્યા વગર આ જામીનગીરી હેઠળ અગર ચુકવવાની રકમ જમીન મહેસુલની બાકી વસુલાત તરીકે મારી પાસેથી જો હું જામીનગીરીમાં દર્શાવેલ રકમ ભરવામાં નિષ્ફળ જાઉ તો મારા જામીન પાસેથી લેવાની સરકારને છુટ રહેશે. જેની શાખરૂપે મે આજ રોજ સને .....................માહે..................માસની .......તારીખે જામીનગીરી પર મારી સહી કરી છે.

ઉપર જણાવેલ નામવાળાએ નીચેનાની હાજરીમાં સહી કરી અને સોપ્યું.

ઉમેદવારની સહી

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ................તાલુકો..................જિલ્લો..................................

સાક્ષીઓની સહી

૧) સહી

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ................તાલુકો..................જિલ્લો............

(૨) સહી

રહેઠાણનું પુરેપુરૂ સરનામું:

ગામ................તાલુકો.............જિલ્લો.............

મારી રૂબરૂ

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી

........................................